# મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૩નું સમાપન




મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે ઉજવાઈ રહેલ ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૩નું આજે ઓડીસી અને કુચીપુડીનું શાસ્ત્રીય નૃત્ય સાથે સમાપન થયું હતું. આ કાર્યક્રમને નિહાળવા કલા રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આજ ના દિવસે નૃત્ય સમારોહનો પ્રારંભ જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ પટેલે દિપ પ્રગટાવી કર્યો હતો અને કલાકારોની કળાને બિરદાવી તેમનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે કલાકારોએ પોતાના અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે, કોઈ પણ કલાકાર માટે મોઢેરાના સૂર્યમંદિર સામે પોતાની કલા રજૂ કરવાની તક મળે તે તેના જીવનનો ઉત્તમ લ્હાવો ગણાય છે. આ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કલાકારોને સમાજમાં પ્રતિષ્ઠા અને સન્માન મળે તે માટેનું વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો કર્યા છે. આ પ્રકારના મહોત્સવો કલાકારોની કળાને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૩ના સમાપન દિવસે મુંબઈના સુ.શ્રી રમિન્દર ખુરાનાએ ઓડીસી અને અમદાવાદના સુ.શ્રી બીનાબેન મહેતાઓ કુચીપુડી શાસ્ત્રીય નૃત્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે ગુજકાત હાઈકોર્ટના ન્યાયાધીશ સુ.શ્રી. સોનીયાબેન ગોકાણી, જિલ્લા કલેકરટર શ્રી રાજકુમાર બેનિવાલ, બ્રિગેડિયર ઝા, કર્નલ એ. બેનિવાલ, ઓ.એન.જી.સી. મહેસાણાના એમ.ડી. ગુપ્તા સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પામોલ ગામે યુથ કલબ દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

વિજાપુર તાલુકાના પામોલ ગામે સ્વ. શેઠશ્રી જીવણભાઈ માધવલાલ ચૌધરીની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે યુવાનોની યુથી કલબ દ્વારા તેમની શ્રદ્ધાંજલિ અને રકતદાન શિબિરનું આયજોન કરાયું હતું. જેમાં સમસ્ત ગ્રામજનો સાથે મળી ૮૫ બોટલ જેટલું રકત ભેગુ કરી વિસનગર વોલન્ટરી બ્લડ બેન્ક તથા રોટરી કલબ ઓફ વિસનગરને આપી સ્વ. જીવણભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગુજરાતી સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, ગ્રાહક સુરક્ષાના મહામંત્રી રજુજી પરમાર તથા ગામના મહેશભાઈ ચૌધરી વિગેરેએ ઉપસ્થિત રહીને ગ્રામજનોને શિક્ષણ તથા સેવાની ભાવના જાગૃત કરવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે ગામના યુવાનો દ્વારા ચાલતાં આ સંગઠન દ્વારા



ગામમાં અનેક ગણી ગામ વિકાસ, શૈક્ષણિક, ગ્રામ સ્વચ્છતા, જન જાગૃતિ અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, વગેરે જેવા કાર્યોને બિરદાવ્યા હતા.

# ડીસામાં પાંચ પરગણાં બ્રહ્મ સમાજનું સ્નેહમિલન યોજાયું



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૨

પરમ પૂજ્ય શ્રી બ્રહ્મલીન આનંદ પ્રકાશ મહારાજની કૃપાથી શિવશક્તિ માર્કેટયાર્ડ ડીસા ખાતે શ્રી આનંદ પ્રકાશ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ પાંચ પરગણાં બ્રહ્મસમાજ ડીસા દ્વારા સ્નેહમિલન સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન અને ડોક્ટરની પદવી મેળવનારનું અભિવાદન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પાંચ પરગણાં બ્રહ્મસમાજના ડીસામાં રહેતા તમામ વડીલો, ભાઈઓ તેમજ બહેનોએ હાજર રહીને સફળ બનાવ્યો હતો. બ્રહ્મસમાજના વડીલોએ સારૂ માર્ગદર્શન આપીને સમાજની પ્રગતિ થાય તેવા સૂચનો કર્યા હતા. તેમજ બાળકો વધુ સારી પ્રગતિ કરે તેના માટે ટ્રસ્ટ દ્વારા તેમજ અન્ય દાતાશ્રીઓ દ્વારા બાળકોને ઈનામ આપવા માટે આવતી સાલની દાનની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ ડીસામાં રહેતા વિદ્યાર્થીઓને અપાતી નોટબુકોનું પણ દાનવીરો દ્વારા દાન જાહેર કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૨૭મી એપ્રિલના રોજ અમીન પાર્ટી પોર્ટ સુભાનપુરા વડોદરામાં જીવનસાથી પસંદગી સંમેલન ૪૨મું યોજાશે. ઉમેદવારી પત્રો નિયત સ્થળેથી, ટ્રસ્ટની વેબસાઈટ શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ કોમ. પરથી ફેબ્રુઆરીથી મળશે. ઉમેવારી પત્રો ઈશ્વરભાઈ દવે અધ્યક્ષથી ૯૩૭૬૨ ૩૩૮૧૧થી સરનામું મોકલવાથી ઘરબેઠાં મોકલશે.

## પાલનપુર પાલિકાએ વેરો ન ભરાતા પાણીના જોડાણો કપાયા

પાલનપુર, તા. ૨૨

પાલનપુર નગરપાલિકાની વેરા વિભાગની ટીમે છેલ્લા સપ્તાહથી વેરો ભરપાઈ ન કરનારા સામે કડક ઝુંબેશ હાથ ધરતા બે દિવસ પહેલા હાઈવે પરની બે દુકાનોને સીલ માર્યા બાદ ઘરવેરા શાખાની ટીમે ઢુંઢીયાવાડી વિસ્તારમાં કુલ ૫૮ હજાર ઉપરાંતની બાકી ભરપાઈ ન કરનારા રીઢા બાકીદારોના નળ કનેક્શનોના જોડાણ કાપી દેતાં આ વિસ્તારના અન્ય બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. પાલીકાના પ્રમુખ ચીફ ઓફીસરની સૂચનાથી પાલીકા વેરા શાખાની ટીમમાં સંજયભાઈ વ્યાસ, વિપુલભાઈ દવે, મુળાભાઈ પરમાર, મુકેશ ઠાકોર આ ટીમે વોર્ડ નં. ૧ માં બાકી વેરા ન ભરતા જેમાં મોદી મંછાલાલ જેમના ૨૫ હજાર તેમજ ઓડ જમનાબેન જેમના ૧૦ હજાર રૂપિયા ઠાકર ગંગારામ તેમના તેર હજાર તમામ લોકોનો નળ કનેક્શન કાપી નાખ્યા હતા.

## બાયડની શ્રી એન.એચ.શાહ હાઈસ્કૂલમાં પતંગ મહોત્સવ યોજાયો

બાયડ, તા. ૨૨

બાયડની શ્રી એન.એચ.શાહ હાઈસ્કૂલ ખાતે ગત તા. ૧૬મી જાન્યુઆરીના દિવસે શાળાના ગ્રાઉન્ડમાં ઉત્તરાયણ મહોત્સવ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો સહિત શિક્ષકગણ પતંગ મહોત્સવમાં જોડાયા હતા.

બાયડની એન.એચ. હાઈસ્કૂલમાં યોજાયેલ પતંગ મહોત્સવમાં વિદ્યાર્થી અને શિક્ષકોએ ભાગ લઈ પતંગ ચગાવીને આકાશને વિવિધ રંગના પતંગોથી ભરી દીધુ હતું. તેમજ એ લપેટ... એ કાપ્યો છે...ની બુમોથી શાળાનું ગ્રાઉન્ડ ગુંજી ઉઠ્યું હતું. શિક્ષકગણે પણ પતંગ ચગાવીને એકબીજા સાથે પેચ કરીને પતંગ મહોત્સવની સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓમાં પ્રથમ ક્રમે મૌલીક બારોટ, બીજા ક્રમે જૈમીન સુતરીયા અને ત્રીજા ક્રમે નીખીલ સોલંકી આવ્યો હતો. તેવી જ રીતે બહેનોમાં પ્રથમ ક્રમે હિરલ વણકર, બીજા ક્રમે રીતુ રાવલ, ત્રીજા ક્રમે રીદ્ધી બારોટ આવી હતી. આ પતંગ મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા બદલ કેળવણી મંડળના અધ્યક્ષ કનુભાઈએ શાળાના શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકમાંથી ચાર નકલી નોટ મળી આવી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાંથી કોઈ અજાણી વ્યક્તિએ એક હજાર, પાંચસો અને સો ના દરની મળી ચાર નોટો ખરા તરીકે રજુ કરી ગયેલ જે મળી આવતા બેંકના બ્રાંચ મેનેજરે ખેડબ્રહ્મા પોલીસમથકે સોમવારની સાંજે ફરિયાદ નોંધાવી હતી.

વિગતો અનુસાર ખેડબ્રહ્મા ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં તા. ૫મી ડીસેમ્બર-૨૦૧૨ના પહેલાના કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ઈસમે પૂર્વ આયોજિત કાવતરૂ રચી રૂ. ૧૦૦૦ના દરની નોટો ૧, રૂ. ૫૦૦ દરની નોટો-૧ તથા રૂ. ૧૦૦ના દરની નોટ-૨ મળી કુલ ચાર ૧૭૦૦ રૂ.ની બનાવટી નોટો ભારતીય ચલણ ભરી ગયેલ જે નોટો નકલી હોવાનું બેંક મેનેજર અમૃતલાલ હીરાભાઈ ભગોરાને જાણ થતા આ અંગે તેમણે ખેડબ્રહ્મા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં ઢુંઢીયાવાડી વિસ્તારમાં તાજપુરા જવાના રસ્તે જાહેર માર્ગ પર ગટરના ગંદા પાણીથી સ્થાનિક રહીશો નગરપાલિકામાં અનેકવાર રજૂઆતો બાદ પણ સફાઈ ના થવાથી અનેક પરિવારોમાં સભ્યો બિમાર પડ્યા છે. ત્યારે પૂર્વ નગર સેવિકા કૈલાસબેન ઠાકોરે આક્રોશપૂર્વક નગરપાલિકાના સત્તાધીશો સામે રજૂઆતો બાદ કોઈ કાયમી ઉકેલ ના આવતા સફાઈ તાકિદે નહિ થાય તો ઉગ્ર આંદોલન કરાશે અને પ્રજાલક્ષી કામોને અગ્રતા અપવા માંગ કરાશે.

## પાલનપુરમાં પુરવઠાના ઘઉં અંગે પોલીસ ફરિયાદથી ભારે ફફડાટ

પાલનપુર, તા. ૨૨

પાલનપુર સહિત જિલ્લાભરના કાળા બજારીયાઓ ગરીબોનો ઘઉંનો પુરવઠો ઓહીયા કરનારા સામે કલેકટરશ્રીની સુચનાથી જિલ્લા પુરવઠા અધિકારી બી.એસ. પટેલની ટીમે માલ ગોડાઉન પીકઅપ ડાલામાં ઘઉંના ૫૦ કટ્ટા રૂા. ૧૮૭૫૦ ગેરકાયદેસર પરમીટ વગરના ઝડપીને કાર્યવાહી હાથ ધરી છે.

પુરવઠા તપાસ કરતી ટીમે મલાણા ખાતે રેશનીંગ દુકાન અને માલ ગોડાઉનમાં ક્રોસ ચેકીંગ કરેલ છે. તપાસ દરમ્યાન ડાલા ચાલક મફતભાઈ પરમાર સામે પોલીસ ફરિયાદ થયેલ છે. આથી કાળા બજારીયાઓને કાયદાના સકંજામાં આવતાં ભારે ફફડાટ ફેલાયો છે.

## પત્નીએ પતિ સામે ફરિયાદ કરતા પતિએ ઝેરી દવા પી આત્મહત્યા કરી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના માથાસુલિયા ગામે એક પરણીતાએ તેના પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પતિએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા ગાંભોઈ પોલીસમથકે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

વિગત અનુસાર માથાસુલિયા ગામે રહેતા બે સંતાનોના પિતા ૩૫ વર્ષીય જગતસિંહ પુંજેસિંહ પરમારની પત્ની જશીબેને પતિ જગતસિંહ શારીરિક માનસિક ત્રાસ આપતો હોવાના કારણે જશીબેને તેમના પતિ જગતસિંહ વિરૂદ્ધ હિંમતનગર મહિલા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી જે ફરિયાદ થયા અંગેનું જગતસિંહને જાણ થતા પોતાની પર ફરિયાદ થઈ છે તે અંગે મનમાં લાગી આવતા જગતસિંહે સોમવારના રોજ વહેલી સવારે ગામની સીમમાં પોતાના ખેતરમાં જઈને કોઈ ઝેરી દવા પી ગયેલા ત્યારબાદ તેમના ભાઈ સુરેશસિંહ પૂજેસિંહ પરમાર ખેતરમાં પાણી વાળવા ગયેલા ત્યારે ખેતરમાં તેમના ભાઈ જગતસિંહ પડેલા જોઈને ઘરે જાણ કરી હતી ત્યાર બાદ ગાંભોઈ પોલીસમથકે જાણ કરતા પોલીસ સ્થળ પર આવી પંચનામાની કાર્યવાહી કરી મૃત જગતસિંહના મૃતદેહને ગાંભોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી જેથી પોલીસે સુરેશસિંહ પૂજેસિંહ પરમારની જાણને આધારે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## લક્ષ્મીપુરા ગામની હાઈસ્કૂલમાં બહુવિધ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની શેઠ એન.એલ. હાઈસ્કૂલમાં મંગળવારના રોજ બહુવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગનું નામાભિધાન - કર્મયોગી ખંડનું અનાવરણ મિનરલ વોટર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન, વયનિવૃત્તિ કર્મચારીઓનો વિદાયસન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ પ્રાથમિક વિભાગનું નામાભિધાનના દાતા પટેલ મેઘજીભાઈ માવજીભાઈના હસ્તે કર્મયોગી ખંડ અનાવરણ સંતશ્રી કાનજીબાપા મિનરલ વોટર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન દાતા નરસિંહભાઈ મેઘજીભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત થતા કર્મચારીઓ સન્માન કરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત યુનિ.ના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, પ્રાંત ઓફિસર આર.આર. ઠક્કર, સાહિત્યકાર લક્ષ્મણભાઈ દુબે, બજાર સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ લક્ષ્મીપુરા ગામના સરપંચ આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## વિસનગર સુજલામ્ સુફલામ્ વિભાગના અધિક મદદનીશ ઈજનેર લાંચ લેતા પકડાયા

### એસીબીના અધિકારીએ સ્ટાફ સાથે લાંચનું છટકું ગોઠવતાં ધરોઈ કોલોનીના કચેરીની આગળ કોન્ટ્રાકટર પાસેથી લાંચ લેતા ઝડપ્યા

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે આવેલ સુજલામ્ સુફલામ્ વિભાગના અધિક મદદનીશ ઈજનેર તળાવના કામે ટકાવારીની રકમ પેટે રૂપિયા ૪૨,૯૦૦ની કોન્ટ્રાકટર પાસેથી લાંચ લેતા એ.સી.બી.ના અધિકારીઓ દ્વારા ગોઠવાયેલ લાંચના છટકામાં ઝડપાઈ જતાં ધરોઈ કોલોનીના સ્ટાફમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાટણમાં રહેતા હિરેનકુમાર ભગવાનભાઈ પટેલ બાંધકામનો વ્યવસાય કરતા હોઈ વિસનગર ખાતે ધરોઈ કોલોનીમાં આવેલ સુજલામ્ સુફલામ્ વિભાગ દ્વારા કડી તાલુકના ઢોરીસા ગામે તળાવના ઈનલેટની કામગીરીનો કોન્ટ્રાકટ રાખેલ હતો. આ કામ પૂર્ણ થતાં તેના પેટે રૂપિયા ત્રણ લાખ ચૌદ હજારનો ચેક આપવામાં આવ્યો હતો. દરમિયાન સુજલામ્ સુફલામ્ વિભાગમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા જયંતિભાઈ શંકરલાલ પટેલે ઉપરોકત એક સિમેન્ટના બિલ સંદર્ભે ચૌદ ટકા મુજબ રૂપિયા ૪૨,૯૦૦ની ટકાવારી મુજબની રકમ માંગી હતી. આથી કોન્ટ્રાકટરે મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી શાખાની કચેરીનો સંપર્ક સાધ્યો હતો. જેથી એસીબીના અધિકારીએ સ્ટાફ સાથે લાંચનું છટકું ગોઠવતાં ધરોઈ કોલોનીના કચેરીની આગળ કોન્ટ્રાકટર પાસેથી રૂપિયા ૪૨,૯૦૦ની લાંચ લેતા અધિક મદદનીશ ઈજનેર જે.એસ. પટેલ રંગે હાથે ઝડપાઈ ગયા હતા આ બનાવ અંગે મહેસાણા એ.સી.બી. પોલિસ સ્ટેશનમાં કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## વાસણાજુંપ ગામેથી સગીરાને ત્રણ જણા અપહરણ કરી લઈ જતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વાસણાજુંપ ગામેથી ત્રણ ઈસમો દ્વારા એક સગીરાનું અપહરણ કરી લઈ જતાં ગાંભોઈ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. વિગતો અનુસાર ગત ૧૪મી જાન્યુઆરીના રોજ બપોરના ૧૨ વાગેના સમયે વાસણાજુંપ ગામેથી ૧૫ વર્ષીય સગીરાને પ્રાંતિજમાં નાની ભાગોળ વિસ્તારમાં રહેતા દીપકકુમાર પુજાજી મકવાણા અને પ્રહલાદસિંહ જે ફોટોગ્રાફર તરીકે ઓળખાય છે તે તથા વિજાપુર તાલુકાના ચડાસણાનો અને હાલ રહે હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં રહેતા મુકેશજી ઝાલા ત્રણે મારુતી કાર લઈને આવેલ અને દીપકકુમાર મકવાણાએ સગીરાનો હાથ પકડી મારૂતિકારમાં ખેંચી બળજબરીથી બેસાડી અપહરણ કરી લઈ ગયેલ જે અંગે ગાંભોઈ પોલીસમથકે સગીરાના પિતાએ ફરિયાદ સોમવારના રોજ સાંજે નોંધાવી હતી જેથી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮